અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનું રૂ.૯૬૮૫ કરોડનું બજેટ મંજૂર

પત્રકાર પરિષદ
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
સ્ટેન્ડીંગ કમિટીએ તૈયાર કરેલ

(પ્રતિનિધિ દ્વારા)અમદાવાદ, શાસક પક્ષ ભાજપે અમદાવાદ શહેરનું વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું બજેટ રજૂ કર્યું હતું. ૭૭૭ કરોડના વધારા સાથેના આ ૯૬૮૫ કરોડનું બજેટ મંજૂર થઈ ગયું છે. સ્ટેન્ડિંગ કિટીના ચેરમેન અમુલ ભટ્ટે રજૂ કરેલા આ બજેમાં વિકાસ કાર્યો માટે ૪૪૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. બજેટમાં શાસક પક્ષે વાહન વેરો મંજૂર કર્યો છે જ્યારે ૨૨૮ કરોડનો પ્રોપર્ટી ટેક્સ ફગાવ્યો છે. ડ્રાફ્ટ બજેટમાં મ્યુનિ કમિશનરે ૨૨૪ કરોડ રૂપિયાનો વધારો સૂચવ્યો હતો જો કે આ વધારાને ફગાવી દેવામાં આવ્યો હતો. કમિશ્નરે ડ્રાફ્ટ બજેટમાં વાહનવેરો જે પ્રમાણે સૂચવ્યો હતો એ જ રાખવામાં આવ્યો છે, હવે શહેરમાં ૧૫ લાખથી વધુ કિંમતના વાહન ખરીદનારે ૩ ટકા વાહનવેરો ચૂકવવો પડશે.મ્યુનિ કમિશનરે મિલકતવેરામાં વધારો સૂચવ્યો હતો પણ તે ફગાવી દેવાયો, ચાલી કે ઝૂંપડામાં કોઈપણ પ્રકારનો સૂચિત વધારો ન કરવા કહેવાયું હતું. પોળ અને ગામતળની મિલકતમાં વાર્ષિક ૩૦૦ રૂપિયા જેટલો વધારો કરવા કહેવાયું. ફ્લેટ, ટેનામેન્ટ અને રો હાઉસમાં ક્રમશઃ ૫૦૦ અને ૭૦૦ રૂપિયા જેટલો વધારો કરવા કહેવાયું હતું. જ્યારે બંગલાઓ સહિતના રહેણાંકોમાં વાર્ષિક ૩થી ૪ હજારનો વધારો સૂચવ્યો.તો પ્રોપર્ટી ટેક્સ, કોન્ઝર્વન્સી ટેક્ષમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. તો કાઉન્સિલરોનું બજેટ વધારીને રૂ.૩૦ લાખ કરાયું છે.

ડ્રાફ્ટ બજેટમાં ૭૭૭ કરોડનો વધારો : મિલકત વેરા વધારાની દરખાસ્ત ફગાવાઇ

સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન અમુલ ભટ્ટે બજેટ રજુ કરતાં પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું કે અમદાવાદને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો અપાયો છે. શહેરમાં અમદાવાદ વર્લ્ડ હેરિટેજ ટ્રસ્ટ બનાવીને વિવિધ પ્રોજેક્ટો કરવામાં આવી રહ્યા છે. શહેરને આધુનિક વ્યવસ્થા સાથેનું વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતું સૌથી વિકસતું શહેર બની રહ્યું છે. ત્યારે શહેરના ૪૬૬ ચોરસ કિલોમીટર વિસ્તારમાં અંદાજે ૬૫ લાખની જનસંખ્યા છે. ત્યારે ગુજરાતનું પ્રથમ મહાનગરપાલિકા સંચાલિત એફએમ રેડિયો સ્ટેશન અમદાવાદમાં શરૂ કરાશે.

એફએમ રેડિયો સ્ટેશન દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના અંદાજે ૯૦૦ જેટલા મકાનો તેમજ બીઆરટીએસ બસ, એએમટીએસ બસ, મ્યુનિસિપલ ગાર્ડન, જાહેર માર્કેટ તથા કાંકરિયા તળાવ તેમજ વિવિધ મ્યુનિસિપલ શાળાનાં મકાનોમાં રેડિયો પ્રસારણ કરાશે. રેડિયો પર વિવિધ માહિતી, ગીત-સંગીત, સાંસ્કૃતિક વાર્તાલાપ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન સંદર્ભની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમની માહિતી આપવામાં આવશે. ઉપરાંત સ્માર્ટ સિટી અંતર્ગત તૈયાર કરાયેલા કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ રૂમમાંથી પ્રાપ્ત થતી ટ્રાફિક અંગેની માહિતી, ચોમાસા દરમિયાન તેમજ કુદરતી આપત્તી સમયે રેડિયો સ્ટેશન દ્વારા શહેરના નાગરિકોને જરૂરી સૂચના પહોંચાડવા માટે પણ ઉપયોગી રહેશે. રેડિયો સ્ટેશન માટે બજેટમાં રૂ. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત ભદ્ર મંદિરથી ત્રણ દરવાજાને સિટી સ્કવેર તરીકે વિકસાવવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરના હેરિટેજ સ્થાપત્યમાં ભદ્ર કોર્ટ તથા ત્રણ દરવાજા વિશેષ મહત્વ ધરાવતા સ્થાપત્ય છે. જેને કારણે ભદ્ર કોર્ટ વિસ્તારમાં રાત્રે વિશેષ લાઈટિંગ, મલ્ટીકલર ફાઉન્ટેન, ફોર્ટ ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો કરવામાં આવશે. ઉપરાંત જગન્નાથ મંદિર અને ઓઢવમાં આવેલા ગુરુદ્વારાને અદ્યતન રીતે વિકસાવવામાં આવશે. તેમજ ૫૦૦ જગ્યાએઁ ધોરણે એર પ્યોરિફાયર મશિન મુકાશે બજેટમાં રેવન્યુ ખર્ચ રૂ.૩૩૩ કરોડ, રૂ.૪૪૩ કરોડના વિકાસ કામની જોગવાઈઓ છે. ટ્રાફિક સમસ્યા નિવારવા રૂ.૩૦ કરોડની ફાળવણી,રૂ.૧૫ કરોડના ખર્ચે નવા ફૂટ ઓવરબ્રિજ બનાવાશે,મ્યુનિ.શાળાના મકાનો પાછળ રૂ.૧૦ કરોડ ફાળવાયા, હવા પ્રદૂષણથી શહેરને મુક્ત કરાવવા રૂ.૧૫ કરોડ,મોડ્યુલર મિકેનિકલ કાર પાર્કિંગ માટે રૂ.૨૦ કરોડ, નહેરૂબ્રિજથી નગરી હોસ્પિટલ સુધી રૂ.૨૫ કરોડના ખર્ચે અંડરપાસ બનાવાશે,જલધારા વોટર પાર્કની જગ્યાએ ૧૨ડી થિયેટર બનાવાશે -સ્મશાનગૃહમાં સીએનજી લાઈન નાંખી પ્રદૂષણ ઘટાડવા ૩૦ કરોડ,તળાવ બનાવવા માટે રૂ.૨૫ કરોડની ફાળવણી કરાઈ છે.આ પ્રસંગે અમદાવાદના મેયર બિજલબેન પટેલ,ડેપ્યુટી મેયર,સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો,મ્યુનિ કમિશ્નર વગેરે હાજર રહ્યાં હતાં

આજથી શ્રી વાંકલધામમાં વીરાત્રા માતાજીનો ત્રણ દિવસનો ભવ્ય લોકમેળો યોજાશે

મોડાસા, અરવલ્લી-સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર સમા વાંકલધામ વીરાત્રામાં તા૭ ફેબ્રુઆરી ૨૦૨૦,ને શુક્રવારથી ભવ્ય લોકમેળાનો પ્રારંભ થશે જે ત્રણ દિવસ ચાલશે. વાંકલ માતાજીના મંદિરને વિશેષ લાઈટ અને ફૂલોની સજાવટથી શણગારવામાં આવ્યું છે. રેતાળ ટેકરાઓ અને મનોહર પર્વતોની વચ્ચે દૂધિયું પ્રકાશથી સ્નાન કરાયેલું મંદિર દેદીપ્યમાન ભાસી રહ્યું છે ભારતભરમાંથી આવતા મુસાફરોની આસ્થાનું કેન્દ્ર ટૂંક સમયમાં રોપ-વે સાથે જોડાઈ જશે, જેના માટે ટ્રસ્ટ બોર્ડ પ્રયાસ કરી રહ્યું છે. ટ્રસ્ટના અધ્યક્ષ કેપ્ટન સગતસિંહ પારોએ માહિતી આપી હતી કે ટ્રસ્ટ બોર્ડ દ્વારા મેળામાં વિજળી, પાણી અને દવા માટેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરોના ભોજન અને રહેવા માટે સારી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સમગ્ર મેળા સંકુલ અને મંદિરને સીસીટીવી સાથે જોડવામાં આવ્યા છે. વ્યવસ્થા જાળવવા વહીવટી તંત્ર સંપૂર્ણ સહયોગ આપી રહ્યું છે. ભીડને કાબૂમાં રાખવા માટે મેળામાં તેમજ મંદિરમાં બેરીકેડીંગ લગાવવામાં આવી છે. મેળામાં આશરે ત્રણ લાખ મુલાકાતીઓનું આગમન થવાની સંભાવના મુજબ તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ટ્રસ્ટ બોર્ડે મુલાકાતીઓને હાકલ કરી છે.કે સાથે આવતા નાના બાળકોની સંપૂર્ણ કાળજી લેવી. તેમજ - ખિસ્સાના કતરુંઓથી સાવચેત રહેવા પણ અપીલ કરી છે.

ત્રીજા ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૦માં પાટણ જિલ્લાના તારલાઓ ચમક્યા

COLLECTORATE
DIST.PATAN
GUJARAT

માહિતી બ્યુરો, પાટણ, પાટણ જિલ્લાના ખેલાડીઓ આસામ ખાતે યોજાયેલ ત્રીજા ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૦માં ખોખો, ટેનિસ અને યોગ જેવી રમતોમાં ભાગ લઈ દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવી સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી પાટણ જિલ્લાનું તથા શાળાનું ગૌરવ વધાર્યું છે. પાટણ જિલ્લાની સાંપ્રા માધ્યમિક શાળાની મહિલા ખેલાડીઓ ચંદ્રિકાબેન રુપાજી ઠાકોર, શીતલબેન કલાજી ઠાકોર તેમજ સજુબેન મંગાજી ઠાકોર આ ત્રણેય ખેલાડીઓ કે જેમણે ગુવાહાટી ખાતે યોજાયેલ ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૦માં ખોખો રમતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. ઉપરાંત શાળાના પ્રાપ્તિબેન દિનેશભાઈ સોની વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી, માંજલપુર ખાતે ટેનીસ રમતમાં તૃતીય સ્થાન મેળવી તેમણે પણ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે તથા ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ, ઓડીસા ખાતે ભાગ લેવાના છે. જે સમગ્ર જિલ્લા માટે ખુબ ગર્વની બાબત છે.

જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલમાં કોચ તરીકે ફરજ બજાવતા દિપક સુથાર જે ચાલુ વર્ષે યોગ ફેડરેશન દ્વારા યોજાતી રમતોમાં મધ્યપ્રદેશ (ભોપાલ) ખાતે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવેલ છે અને ઉત્તર પ્રદેશ ખાતે પણ યોગ રમતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. કલેક્ટરશ્રી આનંદ પટેલ દ્વારા રમત-ગમત ક્ષેત્રે પાટણ જિલ્લાનું નામ રોશન કરનાર ખેલાડીઓ અને સીનીયર કોચશ્રી આનંદ નહેરા, ખોખો કોચ જીમીત બી. પટેલ તથા ઠાકોર વસંતબેન અને ઠાકોર કેશુભા ટ્રેનરોનું બહુમાન કરવામાં આવ્યું હતું. કલેકટરશ્રીએ પાટણ જિલ્લાના ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરે વધુ અને વધુ પ્રગતિ અને ગૌરવ મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી અભિનંદન પાઠવ્યા હતા.

આર્ટ અને આર્ટિસ્ટને એક નવું પ્લેટફોર્મ આપતી આર્ટ ગેલેરી અમદાવાદમાં શરૂ થશે

અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આર્ટ ગેલેરી તૈયાર કરવામાં આવી છે જેનું સંચાલન આંતરરાષ્ટ્રીય ક્રિએટિવ આર્ટ સેન્ટર (આઈસીએસી) દ્વારા કરવામાં આવશે આ એક એવો એનજીઓ છે જેનું કાર્ય દેશમાં આર્ટ અને આર્ટિસ્ટનો વિકાસ કરવો તેમને નવું પ્લેટફોર્મ આપવાનું છે. આઈસીએસી આર્ટ ગેલેરી આસાવરી ટાવર રોડ, મોંડેલ હાઈટ્સની પાછળ આવેલ છે તેનું ઉદઘાટન ૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ કરવામાં આવશે. આ અમદાવાદની સૌથી મોટી સંપૂર્ણ એર કંડિશન ધરાવતી આર્ટ પ્રદર્શિત કરતી ગેલેરી હશે જે આધુનિક લાઈટ્સના નવીનીકરણથી સજ્જ છે તેમજ અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે. ૮ મી ફેબ્રુઆરીના રોજ ઉદઘાટન સાથે પ્રથમ શો યોજવામાં આવશે અમદાવાદના પ્રખ્યાત અને જાણીતા કલાકાર શ્રી વૃંદાવન સોલંકી, આઈસીએસીના સ્થાપક શ્રી રવિન્દ્ર મર્ડિયા તેમજ અમદાવાદના માનનીય મેયર શ્રીમતી બિજલ બહેન પટેલના હાથે આર્ટ ગેલેરી અને શોનું ઉદઘાટન કરાશે. આઈસીએસીના ઉદઘાટનમાં જોડાયેલા દિગ્ગજ કલાકારોમાં પ્રભાકર કોલટે, વિનોદ શર્મા, લક્ષ્મણ એલે, આદિત્ય બાસક, ચંદ્ર ભટ્ટાચારજી, રમેશ ગોજરાલા, ચરણ શર્મા, રાધા પટેલ, પિસુરવો, કનુ પટેલ, વિજય બગોદી અને સુનિલ દરજીની ઉપસ્થિતિ પણ રહેશે. રવિન્દ્ર મર્ડિયાએ જણાવ્યું હતું કે 'અહીં આવતા દેશના તેમજ ગુજરાતના ઉભરતા કલાકારો માટે આઈ.સી.એ.સી. આર્ટ વર્ક પ્રદર્શિત કરવા માટે એક મંચ પૂરું પાડશે. એક જગ્યાએ પોતાના કલા કાર્યને પ્રદર્શિત કરવા માંગતા હોય તેવા કલાકારો માટે આ એક વિશિષ્ટ તક છે. આર્ટિસ્ટને પોતાની સુંદર કલાને પ્રદર્શિત કરવા માટે જે સુવિધાની જરૂર છે તે તમામ બાબતોનું ધ્યાન આઈસીએસી દ્વારા રાખવામાં આવ્યું છે.' આઈસીએસી આર્ટ ગેલેરીની શરૂઆત એક પરીવર્તન લાવશે કારણ કે ગુજરાત અને દેશના અન્ય ભાગોમાંથી પણ ઉભરતા અને તકની રાહ જોતા કલાકારો માટે પૂરતી તક લાવ્યું છે. મોટાભાગે ન દેખાતા યુવા કલાકારો દ્વારા અથવા સીનીયર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કલાકારો કે જેમનું કાર્ય ભાગ્યે જ અમદાવાદમાં જોવા મળ્યું છે અથવા તો એવા કલાકારો કે જેમની કલા અહીં ક્યારેય પ્રદર્શિત થઈ નથી તેવી સમકાલીન કળા માટે એક નવીન મંચ પૂરું પાડવાનો ઉદ્દેશ્ય આ આઈસીએસી આર્ટ ગેલેરીનો રહેશે.

કપડવંજ મોઢેશ્વરી માતાજીના માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો

(તસ્વીર : તરૂણ પુરોહિત, કપડવંજ)

કપડવંજ, કપડવંજ મોઢેશ્વરી માતાજીના ત્રિ-દિવસીય પાટોત્સવના પર્વ નિમિત્તે મંગલા ભિષેક શ્રી માતંગી માતાજીનો સવારે ૬.૩૦ કલાકે બાદ બપોરના માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો ચાલુ સાલે પાટોત્સવ પર્વના મુખ્ય યજમાન પંકજભાઈ ત્રિવેદી વર્ષાબેન છે પંચના પ્રમુખ ડૉ પ્રમયશ ભાઈ તથા મંત્રી નિલેશભાઈ ના જણાવ્યાનુસાર પર્વની ઉજવણી કપડવંજ ઉપરાંત અમદાવાદ વડોદરા મુંબઈથી જ્ઞાતિજનો પર્વનો લાભ લઈ રહ્યા છે પ્રથમ દિવસે સાયઃ કાળે નક્ષત્ર બલિદાન પ્રયોગનું આયોજન કરવામાં આવ્યું હતું સતચંડી યાગ ના મુખ્ય આચાર્ય વિષ્ણુભાઈ વ્યાસ તથા કર્મકાંડી ભૂદેવો દ્વારા નક્ષત્ર બલિદાન વિધિ કરવામાં આવી હતી આ પ્રસંગે મોઢ બ્રાહ્મણ જ્ઞાતિજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ

રજી. ઓફિસઃ પ્લોટ નં. ૨૫/૯-એ, ફેઝ-III, જી.આઈ.ડી.સી. નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦. ફોન : 079-26873340
E-Mail: share@architorg.com Website: www.architorg.com CIN: L24110GJ1993PLC019941

નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૭ ને રેગ્યુલેશન ૨૯ સાથે વાંચતા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ ખાતે તા. ૧૩.૦૨.૨૦૨૦ ને ગુરૂવારના રોજ કંપનીના ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ પૂર્ણ થતા ત્રિ–માસિક તથા નવ–માસિક અનઓડિટેડ નાણાકીય પરિણામો (પ્રોવિઝનલ) ને મંજૂરી આપવા તથા અન્ય કાર્યો (જો કોઈ હોય તો) માટે યોજાશે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.architorg.com તથા બીએસઈ લિમિટેડ (www.bseindia.com) પર ઉપલબ્ધ છે.

વતી, **અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ**
કંદર્પ અમીન
ચેરમેન અને હોલ ટાઇમ ડાયરેક્ટર

તારીખ : ૦૬.૦૨.૨૦૨૦
સ્થળ : અમદાવાદ

SHARE MART™
Market to better the best

MARKET CREATORS LIMITED

Registered Office : 'Creative Castle' 70, Sampatrao Colony, Vadodara - 7
Ph. : 0265 - 2354075 **Fax :** 2340214 • **Email:** info@marketcreators.net
Website : www.sharemart.co.in • **CIN No.:** L74140GJ1991PLC016555

Statement of Standalone Unaudited Results for the Quarter & Nine Month Ended 31/12/2019

(₹ in lacs)

Particulars	Quarter ended	Quarter ended	Year ended
	31/12/2019	31/12/2018	31/03/2019
	Unaudited	Unaudited	Audited
Total income from operations (net)	126.14	121.02	575.62
Net Profit / (Loss) from ordinary activities before tax	1.47	3.31	0.87
Net Profit / (Loss) from ordinary activities after tax (after Extraordinary Items)	-	-	-
Equity Share Capital	1050.00	1050.00	1050.00
Reserves excluding Revaluation Reserves as per balance sheet of previous year	-	-	-
Earnings Per Share (in Rupees before / After extraordinary Items) (of ₹ 10/- each)	-	-	-
Basic: (₹)	0.01	0.02	0.01
Diluted: (₹)	-	-	-

Note: The above is an extract of the detailed format of Standalone unaudited financial result filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of standalone unaudited Quarterly Financial Result is available on the Stock Exchange website at **www.bseindia.com** and also on the Company's website at **www.sharemart.co.in**

By Order of the Board
For **Market Creators Ltd.**
Dr. J. H. Shah (Chairman)

Place : Vadodara
Date : 6th February, 2020

ADVANCE PETROCHEMICALS LIMITED.

(CIN L23200GJ1985PLC008013)
Regd.Office:36,Kothari Market,Kankaria Road,Ahmedabad-22
Email:info@advancepetro.com, website:www.advancepetro.com
Tel : (079)25454795

NOTICE

Notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held at 04:00 pm onFriday 14thFebruary,2020 at36, Kothari Market, Opp. Hirabhai Market, Kankaria Ahmedabad-380022, to consider and approvethe unaudited Financial Results for thequarter and nine months ended on 31st December, 2019in Compliance with Regulation 29(1) (a) and47(1) (a) of the SEBI(Listing Obligations& Disclosure Requirements) Regulations, 2015.

The intimation is also available on the website of BSE Limited (www.bseindia.com) where the company's shares are listed and shall also be available on the website of the company (www.advancepetro.com)

For ADVANCE PETROCHEMICALS LTD.
Sd/-
Pulkit Goenka
Director

Place : Ahmedabad
Date : 06.02.2020

ADVANCE MULTITECH LIMITED.

(CIN L51494GJ1979PLC006698)
Regd.Office:36,Kothari Market, Kankaria Road,Ahmedabad-22
Email:info@advancemulti.com,website:www.advancemulti.com
Tel : (079)25454795

NOTICE

Notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held at 05:00 pm onFriday 14thFebruary,2020 at36, Kothari Market, Opp. Hirabhai Market, Kankaria Ahmedabad-380022, to consider and approvethe unaudited Financial Results for thequarter and nine months ended on 31st December, 2019in Compliance with Regulation 29(1) (a) and47(1) (a) of the SEBI(Listing Obligations& Disclosure Requirements) Regulations, 2015.

The intimation is also available on the website of BSE Limited (www.bseindia.com) where the company's shares are listed and shall also be available on the website of the company (www.advancemulti.com)

For ADVANCE MULTITECH LTD.
Sd/-
Arvind Goenka
Chairman & Managing Director

Place : Ahmedabad
Date : 06.02.2020

લીંક ફાર્મા કેમ લિમિટેડ

રજી. ઓફીસઃ ૧૬૨, જીઆઇડીસી એસ્ટેટ, નંદેસરી–૩૯૧૩૪૦
CIN: L24230GJ1984PLC007540, Web: www.linkpharmachem.co.in
Phone No. 0265-2840448 | Email Id: linkpharmacs@gmail.com

નોટિસ

અત્રે સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) નિયમન ૨૦૧૫નાં નિયમન ૪૭ સાથે નિયમન ૨૯ અંતર્ગત નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ ૩૧, ડિસેમ્બર ૨૦૧૯નાં પૂરા થયેલા ત્રિમાસિક માટે નાણાકીય પરિણામો વિચારણામાં લેવા સાથે મંજૂર કરવા માટે શુક્રવાર તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૦નાં રોજ યોજાશે. આ નોટિસમાં આપવામાં આવેલી માહિતી કંપનીની વેબસાઈટ www.linkpharmachem.co.in પર તેમજ બી.એસ.ઇ લીમીટેડની વેબસાઈટ www.besindia.com પર પણ ઉપલબ્ધ છે.

લીંક ફાર્મા કેમ લિમિટેડ
સતીષ જી. ઠાકુર
મેનેજીંગ ડાયરેક્ટર

તા. ૦૫–૦૨–૨૦૨૦
સ્થળઃ વડોદરા

એમ્બિશન માઈકા લીમીટેડ

૬૧૫-૬૧૯, છઠ્ઠો માળ, શિવમ આર્કેડ,
સાતવ-૧ પાસે, હંસપુરા, નરોડા, દહેગામ
રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦
ફોન નં.૦૭૯-૨૯૨૯૨૬૨૯,
વેબસાઈટ : www.ambitionmica.com,
ઈમેઈલ:investor@ambitionmica.com
CIN : L25202GJ2010PLC059931

નોટીસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સભા **ગુરૂવાર,૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ, ૦૩:૦૦** વાગે કંપનીની રજિસ્ટર્ડ ઑફિસમાં નીચે જણાવેલ કાર્યસૂચિમાં જણાવેલ વેપાર અને અન્ય બાબતોની ચર્ચા કરવા મળશેઃ

૧. ૩૧મી ડીસેમ્બર , ૨૦૧૯ના રોજ પૂરા થતા ત્રિમાસીક અંતના ગાળા માટે કંપનીના અનઓડિટેડ (સ્ટેન્ડલોન)નાંણાકિય પરિણામો પર વિચારણા કરવા, સ્વીકારવા અને તેની નોંધ લેવા.
૨. શહેરના લોકલ સ્થળ / શહેરની લીમીટમાં અને તે જ રાજ્યમાં એક જ આરઓસી હેઠળ કંપનીની નોંધાયેલ ઓફિસની સ્થળાંતર પર વિચારણા અને મંજૂરી આપવી.
૩ નિષ્ક્રિય / વધારાના પ્લાન્ટ અને મશીનરીના વેચાણ અને વાચણ માટે મંજુરી.
૪ આતરીક કોર્પોરેટ લોનની સ્વીકૃતિ ધ્યાનમાં લેવા અને તેને મંજૂરી આપવા અને તેમના વતી કરારને મંજૂરી આપવી.

વધુ માહિતી માટે કૃપા કરી કંપનીની વેબસાઈટ www.ambitionmica.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.comની મુલાકાત લો.

એમ્બિનેશન માઈકા લીમીટેડ વતી
સહી/-
ગોવિંદભાઇ વી. પટેલ
ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર

તારીખ : ૦૫.૦૨.૨૦૨૦
સ્થળ : અમદાવાદ

લાયકા લેબ્સ લિમિટેડ

રજી ઓફિસ : ૪૮૦૧/બી અને ૪૮૦૨/એ, જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંકલેશ્વર-૩૯૩૦૦૨, **એડમીન ઓફીસ** : ગ્રાઉન્ડ ફલોર, ૩૦, સ્પેન્સર બિલ્ડીંગ,૩૦, ફોરજેટ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ વેસ્ટ મુંબઈ-૪૦૦૦૩૬, CIN : L24230GJ1976PLC008738

નોટીસ

આથી નોટિસ આપવામા આવે છે કે સેબીના (લિસ્ટીંગ ઓબ્લિગેશન એન્ડ ડીસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૯ અને ૪૭ના નિયમોને ધ્યાને લેતા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર ની મિટીંગ બુધવાર, ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ અંકલેશ્વર ખાતે બોલાવવામાં આવેલ છે. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ પૂરા થતા ત્રીજા ત્રિમાસીક અંત માટેના સ્ટેન્ડલોન અને કોન્સીલીડેટેડ અન-ઑડિટેડ નાંણાકીય પરિણામોને ધ્યાનમાં લેવા અને મંજૂર કરવા માટે મળશે.

આ નોટીસની માહિતી બીએસઈ લિમિટેડ (www.bseindia.com) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ડિયા લીમીટેડની વેબસાઈટ (www.nseindia.com) પર પણ ઉપલબ્ધ રહેશે. જ્યાં કંપનીના શેર સૂચિબદ્ધ છે અને કંપનીની www.lykalabs.com વેબસાઈટ પર પણ ઉપલબ્ધ થશે.

સહી/-
કૃણાલ નરેન્દ્ર ગાંધી
મેનેજીંગ ડીરેક્ટર અને સીઇઓ
ડીન : ૦૧૫૧૬૧૫૬

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૫.૦૨.૨૦૨૦

ISL CONSULTING LIMITED

રજીસ્ટર્ડ ઓફિસઃ- ૫૦૧, પાંચમો માળ, અભીજીત-૨, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક ઉપર, મીઠાખળી છ રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૯,
ફોન : ૦૭૯-૪૦૦૩૦૩૫૧, ૦૭૯-૪૦૦૩૦૩૫૨, ફેક્સ : ૦૭૯-૩૦૦૭૭૩૫૨,
E-mail: innogroup@gmail.com, Website: www.islconsulting.in
(CIN : L67120GJ1993PLC086576)

૩૧ ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ પૂરા થતાં ત્રીમાસીક અંત ગાળાના અનઓડીટેડ સ્ટેન્ડલોન નાણાંકીય પરિણામો

(રૂપિયા લાખમાં)

ક્રમ નં.	વિગત	ત્રિમાસિક અંતે			નવ માસના અંતે	
		૩૧.૧૨.૨૦૧૯	૩૦.૦૯.૨૦૧૯	૩૧.૧૨.૨૦૧૮	૩૧.૧૨.૨૦૧૯	૩૧.૧૨.૨૦૧૮
૧	કામગીરીથી કુલ આવક	૧૨૫૫.૭૬૯	૭૧૧.૪૫૯	૮૯૧.૩૩૧	૨૩૮૫.૫૮૩	૩૨૧૧.૭૩૭
૨	સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (કરવેરા પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ #)	૨૫૩.૨૭૫	૩૪૯.૫૪૦	૧૨૬.૨૩૫	-૧૩૫.૭૫૪	-૪૬૨.૫૧૭
૩	કરવેરા પૂર્વેના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ #)	૨૫૩.૨૭૫	૩૪૯.૫૪૦	૧૨૬.૬૩૮	-૧૩૩.૯૨૦	-૪૬૦.૯૨૮
૪	કર બાદના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (અસાધારણ અને / અથવા અસાધારણ વસ્તુઓ #)	૨૫૩.૨૭૫	૩૪૯.૫૪૦	૧૨૬.૬૩૮	-૧૩૩.૯૨૦	-૪૬૦.૯૨૮
૫	સમયગાળા માટે કુલ વ્યાપક આવક (કરવેરા પછી) અને અન્ય સમયગાળા કુલ વ્યાપક આવક (કરવેરા પછી) માટે સમાવેલ નફો/(નુકસાન)	૨૫૩.૨૭૫	૩૪૯.૫૪૦	૧૨૬.૬૩૮	-૧૩૩.૯૨૦	-૪૬૦.૯૨૮
૬	ઈક્વિટી શેર મૂડી	૧૨૦૦.૦૦	૧૨૦૦.૦૦	૧૨૦૦.૦૦	૧૨૦૦.૦૦	૧૨૦૦.૦૦
૭	પાછલા વર્ષના ઓડિટેડ બેલેન્સ શીટમાં બતાવ્યા પ્રમાણે અનામત (રિવોલ્યુશન મૂલ્યાંકન રિઝર્વ સિવાય)	-૭૩.૬૨૧				
૮	શેર દીઠ કમાણી (રૂ .૧૦/- એકના) (ચાલુ અને બંધ કરાયેલી કામગીરી માટે)					
	૧. મૂળભૂતઃ	૧.૦૫૫	૧.૪૫૬	૧.૦૫૫	-૦.૫૫૮	-૩.૮૪૧
	૨. ડાયલ્યુટેડ :	૧.૦૫૫	૧.૪૫૬	૧.૦૫૫	-૦.૫૫૮	-૩.૮૪૧

નોંધ : ઉપરોક્ત ત્રિમાસીક/વાર્ષિક નાણાંકીય પરીણામોનું વિસ્તૃત ફોર્મેટનું આ ઉતારો છે જેને સેબીના રેગ્યુલેશન ૩૩ હેઠળ (લીસ્ટીંગ એન્ડ અધર્સ ડિસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૦૧૫ હેઠળ સ્ટોક એક્ષચેન્જમાં ફાઈલ કરવામાં આવેલ છે. ઉપરોક્ત નાણાંકીય ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક પરીણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એકશચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે અને કંપનીની વેબસાઈટ www.islconsultng.in ઉપર પણ ઉપલબ્ધ છે. અપવાદરૂપે વસ્તુઓના રોકાણ તરીકે રાખવામાં આવેલા શેરોના વેચાણ પર નફો સામેલ છે.

આઇએસએલ કન્સલ્ટિંગ લીમીટેડ વતી
સહી/-
અંકિત જે. શાહ
(મેનેજીંગ ડીરેક્ટર)

તારીખ : ૦૬.૦૨.૨૦૨૦
સ્થળ : અમદાવાદ

ALFA ICA (INDIA) LIMITED

CIN : L20100GJ1991PLC016763
Regd. Office : Uma Industrial Estate, Village Vasana-Iyawa, Tal. Sanand, Dist. Ahmedabad, Gujarat. **Tel :** 079-26754030-31 **Fax :** +91-79 26754040.
E-mail : info@alfaica.com. **Website:** www.alfaica.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/NINE MONTHS ENDED ON DECEMBER 31, 2019 **(Rs.in lakhs)**

Sr. No	Particulars	Quarter Ended 31/12/2019 (Unaudited)	Nine Months Ended 31/12/2019 (Unaudited)	Quarter Ended 31/12/2018 (Unaudited)
1	Total income from operations	1,413.11	4,302.37	1345.68
2	Net Profit/(Loss) for the period (before exceptional Items,extraordinary items & tax)	41.35	120.64	40.49
3	Net Profit/ (Loss) for the period before tax (after exceptional Items and extraordinary items)	41.35	120.64	40.49
4	Net Profit/ (Loss) for the period after tax (after exceptional Items and extraordinary items)	28.17	90.69	32.02
5	Equity Share Capital (Face value of Rs.10/- each)	404.00	404.00	404.00
6	Reserve excluding revaluation reserves as per balance sheet of previous accounting year	-	-	-
7	Earning Per Share (EPS) (before extraordinary items)(of Rs.10/- each) (not annualized)	0.7	2.24	0.79
8	Earning Per Share (EPS) (after extraordinary items)(of Rs.10/- each)(not annualized)	0.7	2.24	0.79

Notes:

1. The above Financial Results have been reviewed and recommended for adoption by Audit Committee and were taken on record by the Board of Directors at their meeting held on February 06, 2020.
2. Figures for the previous periods have been re-grouped/ re-classified where necessary.
3. The full format of Quarterly /Nine Months ended Results of the Company are available on the website of BSE Ltd (www.bseindia.com) and on Company's website (www.alfaica.com)

For ALFA ICA (INDIA) LIMITED
Sd/- **RISHI TIKMANI**
WHOLE-TIME DIRECTOR
(DIN: 00638644)

Date : 06-02-2020
Place : Ahmedabad

CREATIVE CASTINGS LIMITED

Regd. Office: 102, G.I.D.C. Phase - II, Dolatpara,
Rajkot Road, Junagadh-03., **Phone :** +91-285-2660224
Fax : +91-285-2661348 **E-mail :** info@creative-cast.com,
Website : www.creative-cast.com
CIN : L27100GJ1985PLC008286

(Rs.in lakhs)

SN	Particulars	Standalone		
		Quarter ended on		Nine months ended on
		31/12/2019 (Unaudited)	31/12/2018 (Unaudited)	31/12/2019 (Unaudited)
1	Total income	925.37	801.58	2,636.41
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary Items)	159.96	121.22	371.61
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	159.96	121.22	371.61
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary Items)	123.44	99.50	285.69
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period(after tax) and Other Comprehensive Income (after tax)]	125.52	108.96	284.79
6	Equity Share Capital	130.00	130.00	130.00
7	Reserves (excluding Revaluation Reserve)as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing ~~and discontinued~~ operations):			
	(a) Basic (in Rs.)	9.50	7.65	21.98
	(b) Diluted (in Rs.)	9.50	7.65	21.98

For & on behalf of the Board
CREATIVE CASTINGS LIMITED
-sd-
Dhirubhai H. Dand
Chairman & Director
DIN: 00284065

PLACE : Dolatpara, Junagadh
DATED : 06.02.2020